# સુરતના વેપારીઓને 1500 કરોડથી વધુનું નુકસાન

**12થી** 14 ઈંચ વરસાદ બાદ બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરની હજારો દુકાનોમાં પાણી ઘૂસ્યું

**કાપડ,** જરી, ઇલેક્ટ્રોનિક્સ, મોબાઇલ, ફૂટવેર અને મશીનરી વેપારને સૌથી વધુ અસર: પ્રમોદ ભગત

સુરતઃ તા.7 જુલાઈ, 2026ના રોજ સુરતમાં પડેલા 12થી 14 ઈંચ જેટલા ધોધમાર વરસાદ અને વ્યાપક પાણી ભરાવાના કારણે શહેરના રિટેલ તથા ટેક્સટાઇલ વેપારને ભારે આર્થિક ફટકો પડ્યો છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડ (CAIT)ના ગુજરાત ચેપ્ટરના પ્રમુખ પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે,

CAITના જણાવ્યા મુજબ શહેરનાં વિવિધ વેપારી સંગઠનો અને વેપારીઓ પાસેથી મળેલી રજૂઆતોના આધારે પ્રાથમિક અંદાજ મુજબ 1000 કરોડથી 1500 કરોડ જેટલું વેપારીઓને નુકસાન થયું છે. વરાછા રોડના પોદ્દાર ઇલેક્ટ્રોનિક્સ માર્કેટ, રિંગ રોડના રઘુકુળ માર્કેટ વિસ્તારથી લઈને બોમ્બે માર્કેટ સુધીની માર્કેટોમાં જોવા મળી હતી. અહીં બેઝમેન્ટમાં આવેલી દુકાનોમાં પાણી ભરાઈ જતાં મોબાઇલ ફોન, ઇલેક્ટ્રોનિક્સ સામાન, એસેસરીઝ અને અન્ય કીમતી માલસામાનને ભારે નુકસાન થયું હોવાનું વેપારીઓએ જણાવ્યું છે.

ટેક્સટાઇલ ક્ષેત્ર પણ આ આપત્તિથી અછૂત રહ્યું નથી. ભાઠેના, આંજણા ફાર્મ, ઉધના ઉદ્યોગનગર, લિંબાયતના ગોવિંદનગર ઇન્ડસ્ટ્રિયલ વિસ્તાર સહિતના વિસ્તારોમાં વિવિંગ, જરી થ્રેડ, લેસ ઉત્પાદન, એમ્બ્રોઇડરી અને પાવરલૂમ સંબંધિત એકમોમાં પાણી ઘૂસી જતાં કાચા માલ, તૈયાર માલ તેમજ મશીનરીને નુકસાન થયું છે. જરી મશીનરી, પાવરલૂમ મશીનરી અને એમ્બ્રોઇડરી મશીનરીમાં પાણી ભરાવાથી ઉત્પાદન પ્રક્રિયા પણ પ્રભાવિત થઈ હોવાનું જણાવવામાં આવ્યું છે.

ડિંડોલી અને ગોડાદરા વિસ્તારમાં આવેલી અનેક ઔદ્યોગિક અને રિટેલ એકમો પણ પાણી ભરાવાના કારણે અસરગ્રસ્ત બની છે. બીજી તરફ અડાજણ-પાલ રોડ વિસ્તારની રિટેલ દુકાનો તેમજ સેન્ટ્રલ ઝોનના બેગમવાડી, સલાબતપુરા, ઝાંપાબજાર, વેદ દરવાજા અને કતારગામ દરવાજા વિસ્તારની દુકાનોમાં પણ પાણી ઘૂસી જતાં વેપારીઓને મોટું નુકસાન સહન કરવું પડ્યું છે.



### પોદ્દાર પ્લાઝા મોબાઈલ માર્કેટના વેપારીઓને 200 કરોડનું નુકસાન

વરાછા રોડ સ્થિત પોદ્દાર પ્લાઝા મોબાઈલ અને ઇલેક્ટ્રોનિક્સ માર્કેટમાં વ્યાપક નુકસાન થયું છે. માર્કેટના બેઝમેન્ટ તેમજ ગ્રાઉન્ડ ફ્લોર સુધી વરસાદી પાણી ઘૂસી જતાં મોબાઈલ ફોન, લેપટોપ, ટીવી, ઇલેક્ટ્રોનિક્સ સાધનો અને લાખો રૂપિયાની એક્સેસરીઝ પાણીમાં પલળી ગઈ હતી.





### કાપડ માર્કેટ્સમાં 500 કરોડથી વધુનું નુકસાન

**બેગમવાડી,** રિંગ રોડ મિલેનિયમ-1 માર્કેટથી રઘુકુળ માર્કેટ સુધી અસર

કાપડ માર્કેટ્સના બેઝમેન્ટમાં આવેલી દુકાનોમાં પાણી ભરાતાં 500 કરોડથી વધુનું નુકસાન થયું છે. બેગમવાડી, રિંગ રોડ મિલેનિયમ-1 માર્કેટથી રઘુકુળ માર્કેટ રેલવે બ્રિજ સુધી, સારોલીની માર્કેટમાં કરોડોનો માલ ભીંજાઈ ગયો હતો. ફોસ્ટાના અગ્રણીઓના જણાવ્યા મુજબ મિલેનિયમ 1, રઘુકુળ, મહાવીર, સિલ્ક સિટી, અભિષેક માર્કેટના બેઝમેન્ટમાં આવેલી દુકાનોમાં પાણીનો ભરાવો શરૂ થતાં વેપારીઓએ પોતાનો કાપડનો જથ્થો સલામત સ્થળે ખસેડવો પડ્યો હતો. જે વેપારીઓ દુકાને આવી શક્યા ન હતા તેઓનો માલ બંધ દુકાનમાં પલળી ગયો હતો.

### પાંડેસરા GIDC ભેદવાડ ખાડી નજીકનાં એકમોમાં 5 ફૂટ પાણી ભરાતાં મોટું નુકસાન થયું

આંજણા ફાર્મ, ભાગ્યોદય જૂની GIDC, ઉધના GIDC, ભવાની ઇન્ડસ્ટ્રિયલમાં વરસાદી પાણીના ભરાવાથી થથ્રેડ અને જરી ઉદ્યોગને કરોડોનું નુકસાન થયું.

## ઉકાઈ ડેમમાં 21 હજાર ક્યુસેક પાણીની આવક શરૂ

**ઉકાઈ** ખાતે 141 મીમી વરસાદ નોંધાયો

**હથનુર** ડેમમાંથી પણ 11 હજાર ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે

સુરતઃ દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રના ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં સતત વરસાદને કારણે ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે. ઉપરવાસમાં નોંધાયેલા વરસાદના પગલે હાલમાં ડેમમાં અંદાજે 21 હજાર ક્યુસેક પાણીની આવક ચાલુ છે. વરસાદી પરિસ્થિતિને પગલે ડેમની જળસપાટી વધીને 312.73 ફૂટ પર પહોંચી છે.

તેમાં ઉકાઈ ખાતે સૌથી વધુ 141 મિમી વરસાદ નોંધાયો છે. ઉપરાંત ચાંદપુરમાં 77 મિમી, બમ્બરૂલામાં 63 મિમી, ગીર્નામાં 62 મિમી, દુસખેડામાં 56 મિમી, નવાથામાં 51 મિમી, સાયગાવમાં 45 મિમી, ધુલિયામાં 36 મિમી, ભુસાવલમાં 32 મિમી, નિઝામપુરમાં 32 મિમી, લખપુરી અને વેલદામાં 31-31 મિમી, તેમજ અન્ય વિસ્તારોમાં પણ હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો.

આ ઉપરાંત બુરહાનપુરમાં 26 મિમી, ધુપેશ્વરમાં 23 મિમી, હથનુરમાં 23 મિમી, પીંપળીમાં 21 મિમી, દેડતલાઈમાં 15 મિમી, સાગબારામાં 14 મિમી વરસાદ નોંધાયો હતો. ઉપરવાસમાં સતત વરસાદને ધ્યાનમાં રાખીને હથનુર ડેમમાંથી હાલમાં 11 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે ઉકાઈ ડેમમાં પાણીની આવક આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## બોલો, શહેર પાણી-પાણી પણ 452 લોકો નેચર પાર્કમાં પ્રાણી જોવા પહોંચી ગયા

સુરતઃ એક તરફ સુરત શહેર જળબંબાકાર હતું ત્યાં બીજી તરફ સુરતમાં એવા લોકો પણ છે કે જે ફરવાનું ચૂકતા નથી. મંગળવારે તાપી કિનારે આવેલા મનપા સંચાલિત નેચર પાર્કમાં 451 જેટલા મુલાકાતીઓ પહોંચ્યા હતા. આમ તો નેચરપાર્કના ખુલ્લા વિસ્તારોમાં પામી ભરાઈ ગયું હતું અને તમામ પ્રાણીઓને નેચરપાર્કની પાછળ આવેલા નાઈટ શેલ્ટરમાં ખસેડી લેવામાં આવ્યા હતા પરંતુ જોવા જેવું એ છે કે ભારે વરસાદની પરિસ્થિતિમાં પણ લોકો પ્રાણીસંગ્રહાલયમાં પહોંચે તે અચરજની વાત છે. સદનસીબે આ શેલ્ટર્સમાં પાણી ભરાયા ન હોવાથી પ્રાણીઓ સુરક્ષિત રહ્યા હતા અને વરસાદ બંધ થતાં ખુલ્લા વિસ્તારોમાંથી પાણી ધીમે-ધીમે ઓસરી ગયું હતું.

## વોટ લેવા આવી જાઓ છો, મુસીબતમાં કેમ ગાયબ?



**ભારે** વરસાદ વચ્ચે પ્રજાએ ભાજપનાં કાર્યકરોને ખખડાવ્યાં

સુરતઃ ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઘરોમાં પાણી ઘૂસી જતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. આવી કપરી પરિસ્થિતિ વચ્ચે જ્યારે ભાજપના કાર્યકરો અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીની બોટલો અને રાહત સામગ્રી આપવા પહોંચ્યા, ત્યારે સ્થાનિક રહીશોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. ઘણા વિસ્તારોમાં રોષે ભરાયેલા લોકોએ નેતાઓ અને કાર્યકરોને ભારે ખખડાવ્યા હતા. લોકોએ આક્રોશ સાથે જણાવ્યું કે, ચૂંટણી આવે ત્યારે વોટ લેવા માટે હાથ જોડીને લાઈનો લગાવો છો, પણ જ્યારે આવી મોટી મુસીબત આવે છે ત્યારે કોઈ ડોકાતું પણ નથી. પ્રજાના આ ઉગ્ર વિરોધ અને આક્રોશ સામે શાસક પક્ષના કાર્યકરો ભારે ક્ષોભજનક સ્થિતિમાં મુકાયા હતા.





## સુડાની હજારો સોસાયટીઓને કારણે શહેરમાં પૂર આવ્યું

**હવે** ભારે વરસાદ વરશે તો પાણી કલાકો સુધી ઊતરશે નહીં

**પાલિકાએ** સુડા વિસ્તારની સોસાયટીઓને પાલિકાના પંપિંગ સ્ટેશનો સાથે જોડી દેતાં ભારે અફરાતફરી સર્જાઇ હોવાનો મત

**પાલ-અડાજણ** અને રાંદેર વિસ્તારોએ પણ હવે પાણીમાં ડૂબવાની તૈયારી રાખવાની

સુરતઃ સુરતમાં આ વખતે બાર ઈંચ વરસાદે જે રીતે રાંદેર, અડાજણ, પાલના વીસ લાખ લોકોને ફરજિયાત લોકડાઉનની પરિસ્થિતિમાં મૂકી દીધા હતા. તેમાં મહાપાલિકા અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ તથા સત્તાધીશોની અણઘડતા છતી થઈ ગઈ છે.

લાખ્ખો લોકોને જે હાલાકી ભોગવવી પડે તે કુદરતના ભોગે નહી પરંતુ વાસ્તવમાં માનવસર્જિત હોવાની વિગતો જાણવા મળી છે. તેની કેટલીક ચોંકાવનારી વિગતો સૂત્રો મારફત જાણવા મળી છે. આ ઉપરાંત શહેરમા જે રીતે ક્રોકીટના જંગલો બની રહ્યા છે તેમા સુઅરેજના તથાવરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કે પ્લાનિંગ નથી.

### સુડાના વિસ્તારની હજારો સોસાયટીઓને સ્ટ્રોમ લાઇન સાથે જોડી દેવાતાં અફરા તફરી સર્જાઇ

આ વખતે આ પાણી રાંદેર, અડાજણ અને પાલ તથા ઇચ્છાપોર અને ભાઠાના મુખ્યમાર્ગો પર ભરાયેલું વરસાદી પાણી કલાકો સુધી દેખાયું હતું. તેમા પડદા પાછળ મહાપાલિકાનું અણઘડ આયોજન બહાર આવ્યું છે. તેમા શહેરમા પંપીપ સ્ટેશનોમાં સુડા વિસ્તારની હજારો સોસાયટીઓના કનેક્શન જોડી દેવાયા છે. તેમા નવી સ્ટ્રોમ લાઇન કે પછી નવા પંપિગ સ્ટેશનોનું કોઇ આયોજન છેલ્લા પાંચ વર્ષમાં કરાયું નથી. તેની સીધી અસર આ ભારે વરસાદમા જોવા મળી. સુડા વિસ્તારને મહાપાલિકામા સમાવિષ્ટ કરવામા આવ્યા બાદ પાણીના નિકાલની નવી કોઇ સુવિદ્યા અપાઇ નથી પરંતુ સુડા વિસ્તારની સોસાયટીઓને મહાપાલિકાની સ્ટ્રોમ લાઇનમા અને ડ્રેનેજ લાઇન સાથે જોડી દેવાઇ છે. તેને કારણે હવે પાલ- અડાજણ અને રાંદેર વિસ્તારે જો આઠથી દસ ઈંચ વરસાદ થાય તો ઘરમાં જ ભરાઇ રહેવાની તૈયારી રાખવી પડશે.

### મેટ્રો પ્રોજેક્ટમાં ખંડિત લાઇનોને પણ સ્ટ્રોમ લાઇન સાથે જોડી દેવાઇ

હાલમા જયારે મેટ્રો પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે. ત્યારે ડ્રેનેજ લાઇનોને નુકસાન થતાં આ તમામ લાઇનોને સ્ટ્રોમ લાઇનો સાથે જોડી દેવાતા પાણીનો ઇન ફ્લો પાંચ ગણો વધી જતાં શહેરમાં તેમા પણ નદી પારના વિસ્તારોમાં પાણી નહીં ઉતર્યા હોવાની વિગતો જાણવા મળી છે. મુખ્ય ડ્રેનેજ લાઇનો ખંડિત થતાં નવી કોઇ નક્કર કામગીરી કરવામા આવી નથી.

## લોકોના રસોડા ડૂબી ગયા છે અને ભાજપના નેતા 'ખમણ પાર્ટી' કરે છે

**મોટા વરાછાનો** વિડીયો વાયરલ થતાં ફરજ બાદ કાર્યકરોએ લીધેલો ટૂંકો વિરામ હોવાનો ખુલાસો

સુરતઃ વોર્ડ નંબર ૨ (મોટા વરાછા) વિસ્તારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે, જેને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. આ વીડિયોમાં સ્થાનિક કોર્પોરેટર મનુ બલર, ભાજપના અગ્રણી નેતાઓ અને કાર્યકરો સાથે મળીને 'ખમણ'નો નાસ્તો કરતા નજરે પડે છે. એકતરફ આખું શહેર ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતિથી ત્રાહિમામ પોકારી રહ્યું છે, ત્યારે બીજી તરફ શાસક પક્ષના નેતાઓનો આવો વીડિયો સામે આવતા જ વિપક્ષ અને સોશિયલ મીડિયા યુઝર્સે તેમની આકરી આલોચના શરૂ કરી દીધી હતી. આ વિવાદ અંગે ભાજપના નેતા ધીરુ માંગરોળીયાએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર જે વીડિયો વાયરલ થયો છે તે 7 જુલાઈની સવારે અંદાજે 10:30 વાગ્યાનો છે. આ કોઈ પિકનિક કે મોજમસ્તીનું આયોજન નહોતું, પરંતુ સતત ફરજ બજાવ્યા બાદ કાર્યકરોએ લીધેલો એક ટૂંકો વિરામ હતો.



## વરસાદ બાદ મનપા એક્શન મોડમાં: રાહત કામગીરી જોશમાં

**મોડી** રાત્રે પૂર્વ મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ સુરત દોડી આવ્યાં

**રાત્રે** 1 વાગે વિવિધ વિભાગો સાથે મીટિંગ્સ બાદ રાહત કામગીરીમાં જોડાયાં

સુરતઃ શહેરમાં 2 દિવસમાં પડેલા દેમાર વરસાદના કારણે શહેરની બદતર હાલત થઈ હતી. શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો હતો. જેના કારણે લોકોને ખૂબ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સોમવાર અને મંગળવારે થયેલા અનરાધાર વરસાદ બાદ સમગ્ર શહેરમાં પાણીનો ભરાવો થતા તંત્ર પર માછલા ધોવાયા હતા. તાબડતોબ રાજ્ય સરકારમાંથી મનપાના પૂર્વ કમિશનર રહી ચૂકેલા તેમજ હાલમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ફરજ બજાવી રહેલા શાલિની અગ્રવાલને મંગળવારે મોડી સાંજે ફોન કરી સુરત બોલાવાયા હતા. જેને પગલે ગાંધીનગરથી તેઓ મોડી રાત્રે સુરત પહોંચ્યા હતા અને રાત્રે 1 વાગ્યે સુધી મીટિંગોનો દોર ચાલ્યો હતો. ખાસ કરીને સંપુર્ણ રાતભર સુરત મનપા તંત્ર જેમાં ફાયર વિભાગથી લઈ તમામ કર્મચારીઓ, અધિકારીઓની ટીમ સાથે સાથે કલેક્ટર અને પોલીસ તંત્ર સાથે મળીને સરકારમાંથી આવેલી એનડીઆરએફની 2 તેમજ એસડીઆરએફની 5 ટીમ મળીને રેસક્યુ કામગીરીમાં જોતરાઈ હતી.

શહેરમાં ખાબકેલા અતિભારે વરસાદને પગલે સુરત મહાનગરપાલિકાનું તંત્ર સંપૂર્ણપણે દિવસભર તો ઠીક પણ સંપુર્ણ રાતભર એક્શન મોડમાં આવી પ્રભાવિત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

### પાણી ઊતરતા સફાઈ અને હેલ્થ સર્વેલન્સની કામગીરી શરૂ કરાવાઈ: 400 ટન કચરો કઢાયો

શહેરના મોટા ભાગના વિસ્તારોમાંથી પાણી ઉતરતા જ મનપા દ્વારા સફાઈની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે તેમજ દવાનો છંટકાવ શરૂ કરી દેવાયો છે અને જે વિસ્તારો અસરગ્રસ્ત હતા ત્યાં મેડિકલની ટીમ મોકલીને હેલ્થ સર્વેલન્સ શરૂ કરી દેવાયું છે. મનપાની કુલ 252 ટીમ ઘરે ઘરે જઈ તપાસ કરશે જેમાં સિવિલ અને સ્મીમેરની ટીમો પણ જોડાશે. સાથે સાથે 7 હજાર સફાઇકર્મીઓની જહેમત સાથે જ 400 મેટ્રીક ટન કચરો એકત્રિત કરાયો હતો.

### એસટીપી અને એસપીએસ પર 13 ડિવોટરિંગ પંપ મૂકી પાણી કઢાયા

શહેરમાં આવેલા કુલ 65 સુએજ પમ્પિંગ સ્ટેશનોમાંથી 61 કાર્યરત રાખવામાં આવ્યા છે, જ્યારે પાણીમાં ડૂબી જવાને કારણે બંધ પડેલા રસૂલાબાદ, સરથાણા, બમરોલી ગામ તળ અને પર્વત એમ 4 સ્ટેશનોને ફરી શરૂ કરવા પ્રયાસો ચાલુ છે. તેવી જ રીતે ડિંડોલી ખાતે ઓવરફ્લો થયેલ 1 સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ સીમાડા ખાતે બંધ પડેલા 1 વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન અને 1 વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સિવાયના તમામ પ્લાન્ટ કાર્યરત રાખવામાં આવ્યા છે, મનપા દ્વારા પંપીગ સ્ટેશનોમાં ભરાયેલા પાણી કાઢવા માટે 13 ડિવોટરિંગ પંપ મૂકી પાણી કાઢવાની કામગીરી કરાઈ હતી.

### વોટરસપ્લાય જ્યાં બંધ હતો ત્યાં શરૂ કરાયો

શહેરના સીમાડા, ડિંડોલી, ગોડાદરા, ઉમરવાડા વિસ્તારમાં વોટર સપ્લાય ફરીથી શરૂ કરી દેવાયો છે. પાણી ભરાવાના કારણે પાણીનો સપ્લાય બંધ થયો હતો. જેના કારણે અહીં મનપા દ્વારા 30 પાણીના ટેન્કરો મોકલાયા હતા.

### સ્ટ્રીટલાઈટ સમગ્ર શહેરમાં માત્ર 4 ટકા જ બંધ

જે વિસ્તારોમાં હજી પણ પાણી ભરાયા છે તે જ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો બંધ રાખવામાં આવી છે કારણે કે, પાણી ભરાવાને કારણે કરંટ ઈશ્યુ ના થાય તે સુરક્ષાને ધ્યાને રાખીને બંધ રાખવામાં આવી છે. બાકી શહેરની 96 ટકા સ્ટ્રીટલાઈટો કાર્યરત હોવાનું શાલિની અગ્રવાલે જણાવ્યું હતું.

### 4538 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા

| ઝોન | શિફ્ટ કરાયેલાની સંખ્યા |
|---|---|
| ઉધના | 1590 |
| વરાછા-એ | 1376 |
| વરાછા-બી | 223 |
| કનકપુર | 210 |
| અઠવા | 45 |
| લિંબાયત | 638 |
| કતારગામ | 19 |
| સેન્ટ્રલ | 07 |

» 3618 લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું

» 18768 ફૂડ પેકેટ્સનું જરૂરિયાતમંદ લોકોમાં વિતરણ કરવામાં આવ્યું

» 8800 પાણીની બોટલો, 4100 દૂધના પેકેટોનું વિતરણ કરાયું

» 7000 લોકો સફાઈ કામગીરીમાં જોતરાયા

# જળપ્રલયથી ખેતીને કરોડોનું નુકસાન

**14થી** 16 ઈંચ વરસાદથી ડાંગર, શાકભાજી અને બાગાયતી પાકોને ફટકો

**સુરત** સહિત દક્ષિણ ગુજરાતના નદી કાંઠાની જમીનોના ધોવાણથી ખેડૂતોને કરોડોનું નુકસાન: જયેશ દેલાડ

સુરતઃ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં 6 અને 7 જુલાઈ દરમિયાન પડેલા 12થી 16 ઈંચ જેટલા અતિભારે વરસાદે ખેતીને મોટો ફટકો પહોંચાડ્યો છે. નદી કાંઠાના વિસ્તારોમાં જમીનનું ધોવાણ થતાં ખેડૂતોના ઊભા પાકો તેમજ બિયારણને ભારે નુકસાન થયું છે. ડાંગર, શાકભાજી અને બાગાયતી પાકોને કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનું ખેડૂત આગેવાનોનો દાવો છે. નુકસાનીનો તાત્કાલિક સરવે કરાવી અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર અને સહાય આપવામાં આવે તેવી માંગ સાથે દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. સાથે જ મુખ્યમંત્રીના સુરત પ્રવાસ દરમિયાન ખેડૂત પ્રતિનિધિઓને રૂબરૂ રજૂઆત માટે 10 મિનિટનો સમય ફાળવવાની માંગ પણ કરવામાં આવી છે.

ખેડૂત અને સહકારી અગ્રણી જયેશભાઈ પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે, સતત વરસેલા ભારે વરસાદને કારણે નદી કાંઠાના વિસ્તારોમાં જમીનનું ભારે ધોવાણ થયું છે. અનેક ખેતરોમાં પાણી ભરાઈ જતાં ડાંગરના ધરૂ કોહવાઈ ગયા છે, જ્યારે શાકભાજી અને બાગાયતી પાકો ધોવાઈ જવા અથવા સડી જવાના બનાવો સામે આવ્યા છે. ભારે વરસાદના કારણે ખેતરમાં કરાયેલું બિયારણ પણ બગડી ગયું હોવાથી પાકનો ઉગાવો ઘટવાની ભીતિ ઊભી થઈ છે.

તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતો પર બિયારણ, ખાતર અને મજૂરીનો વધારાનો ખર્ચ આવશે. આ સ્થિતિમાં સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સરવે કરાવી ખેડૂતોને અતિવૃષ્ટિ સહાય ચૂકવે તે સમયની જરૂરિયાત બની છે. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા)ના નેતૃત્વમાં કલેક્ટરને આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક દિવસોથી પડેલા અતિભારે વરસાદના કારણે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ખેતીની સ્થિતિ અત્યંત ગંભીર બની છે. ખેતરોમાં પાણી ભરાઈ રહેતાં ડાંગરના ધરૂ નાશ પામ્યા છે અને ખેડૂતોને ફરીથી ધરૂ તૈયાર કરવાનો વારો આવ્યો છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે, સુરત અને આસપાસના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં થતા શાકભાજીના પાકો પણ પાણીમાં ધોવાઈ ગયા છે અથવા સડી ગયા છે.

રોકડિયા પાકો પર નિર્ભર ખેડૂતોને સીધી આર્થિક નુકસાની સહન કરવી પડી રહી છે. બીજી તરફ સતત વરસાદને કારણે ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હોવાથી વાવણી અને રોપણીનું કામ અટકી ગયું છે. જો વરસાદ બાદ પણ પાણીનો નિકાલ નહીં થાય તો સમગ્ર ખરીફ સિઝન પર ગંભીર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ખેડૂત સમાજે સરકાર સમક્ષ બે મુખ્ય માંગણીઓ મૂકી છે. પ્રથમ અસરગ્રસ્ત વિસ્તારોમાં લીલા દુષ્કાળ જેવી પરિસ્થિતિ ગણીને સ્પેશિયલ સરવે હાથ ધરી તાત્કાલિક આર્થિક સહાય અને વળતર ચૂકવવામાં આવે. બીજી માંગ ડાંગર તથા શાકભાજીના બિયારણ પર વિશેષ સબસિડી આપવામાં આવે અથવા સરકારી સ્તરે ખેડૂતોને ફરીથી બિયારણ ઉપલબ્ધ કરાવવામાં આવે.

ખેડૂત આગેવાનોનું કહેવું છે કે, હાલની પરિસ્થિતિમાં ખેડૂતો આર્થિક રીતે ભારે સંકટમાં મુકાયા છે. જો સમયસર સહાય અને રાહત જાહેર નહીં કરવામાં આવે તો ખરીફ પાકનું ઉત્પાદન નોંધપાત્ર રીતે ઘટી શકે છે અને હજારો ખેડૂતોને ગંભીર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

તેથી સરકાર તાત્કાલિક પગલાં ભરી અસરગ્રસ્ત ખેડૂતોને વહેલી તકે રાહત પહોંચાડે તેવી માંગ ઊઠી છે. ખેડૂત સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપી મુખ્યમંત્રીના આવતીકાલના સુરતના પ્રવાસ દરમિયાન ખેડૂત સમાજના આગેવાનોને રૂબરૂ મળવા માટે 5થી 10 મિનિટનો સમય ફાળવી આપવા માંગ કરવામાં આવી છે.